કે.કે. NEWS

તારીખ : 18/11/2026

"૧૬ વર્ષના છોકરાનું અતિ આધુનિક ZSR સર્કમસીઝન ઓછામાં ઓછી વાઢકાપ વાળું અને ટાંકા વગર નું સફળ ઓપરેશન"



અત્યંત ગૌરવ અને આનંદ સાથે જણાવવાનું કે કે. કે. મહેતા સરકારી હોસ્પિટલ સાવરકુંડલા જી.અમરેલી ખાતે અધિક્ષકશ્રી ડો. વિવેક તરસરીયાસાહેબ તેમજ આર. એમ. ઓ. શ્રી ડો. માલવિકા ચૌધરીમેડમ અને અનુભવી સર્જન ડો. હરેશ વાળાસાહેબના માર્ગદર્શનથી ૧૬ વર્ષ ના છોકરા માં અતિ આધુનિક ZSR સુન્નત (સર્કમસિઝન), ઓછામાં ઓછી વાઢકાપવાળી અને ટાંકા વગરની સર્જિકલ પ્રક્રિયા ડૉ હિમાલી દવે - જનરલ સર્જન તેમજ ડો. કુલદીપ કાવઠીયા એનેસ્થેસ્ટિક અને અનુભવી નર્સીંગ સ્ટાફ અને ઓ.ટી. ઈન્ચાર્જ શ્રી મહેશભાઈ બોરડ દ્વારા આ સર્જરીને સફળ કરવામાં આવી. જેમાં એક જ સમયે આગળની ચામડી (ફોરસ્કિન) ને કાપવા અને સીલ કરવા માટે એક વિશિષ્ટ ગોળાકાર સ્ટેપલર ઉપકરણનો ઉપયોગ કરવામાં આવે છે.આ ઉપરાંત અહીં કે કે હોસ્પિટલ સાવરકુંડલા માં સર્જરી વિભાગ માં સારણગાંઠ, appendix, પિત્તાશય ની પથરી,સ્તન ની ગાંઠ , પાયલોનિડલ સાયનસ, હરસ મસા ભગંદર, ચરબીની ગાંઠ, રસોળી, ચામડી ચડાવવા જેવી પ્લાસ્ટીક સર્જરી, ડાયાબિટીસ/ અન્ય કારણોસર થયેલ પગ નો સડો જેવા ઓપરેશન તેમજ પેટ ના દુખાવા, ગેસ એસિડિટી, કબજીયાત, મરડો, સ્વાદુપિંડ નો સોજો, પિત્તાશય નો સોજો, cellulitis, પથરી નો દુખાવો, પ્રોસ્ટેટ ની ગ્રંથી નો સોજો,આંતરડા નો અટકાવ જેવા રોગો નું સચોટ નિદાન સાથે યોગ્ય સલાહ અને સારવાર તેનાજ રોડ ટ્રાફિક એક્સિડન્ટ અને માથા, પેટ અને છાતી ની ઈજાને લગતી તાત્કાલિક સારવાર પણ ઉપલબ્ધ છે.

તારીખ : 18/11/2026

સાવરકુંડલા લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની એશિયન સોફ્ટ ટેનિસ ફેડરેશનના ઉપાધ્યક્ષ તરીકે વરણી

ભારતીય એમેચ્યોર સોફ્ટ ટેનિસ ફેડરેશનના અધ્યક્ષ અને સાવરકુંડલા-લીલીયા વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાની એશિયન સોફ્ટ ટેનિસ ફેડરેશનના ઉપાધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવતાં તેમને હાર્દિક અભિનંદન અને શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.મહેશભાઈ કસવાલા રાજકીય, સામાજિક અને રમતગમત ક્ષેત્રે સતત સક્રિય રહીને પોતાની આગવી ઓળખ ધરાવે છે. તેઓ ભારતીય જનતા પાર્ટીના પ્રવક્તા તરીકે પણ જવાબદારી નિભાવી ચૂક્યા છે. ભારતીય એમેચ્યોર સોફ્ટ ટેનિસ ફેડરેશનના અધ્યક્ષ તરીકેની તેમની કામગીરી અને અનુભવને ધ્યાનમાં રાખીને એશિયન સ્તરે મળેલી આ નવી જવાબદારી રમતગમત ક્ષેત્રે તેમના નેતૃત્વની મહત્વપૂર્ણ ઉપલબ્ધિ છે.એશિયન સોફ્ટ ટેનિસ ફેડરેશનના ઉપાધ્યક્ષ તરીકે તેઓ ભારતીય સોફ્ટ ટેનિસના વિકાસ, ખેલાડીઓને નવી તકો અને આંતરરાષ્ટ્રીય સ્તરે રમતને વધુ પ્રોત્સાહન આપવા માટે મહત્વપૂર્ણ યોગદાન આપશે તેવી આશા વ્યક્ત કરવામાં આવે છે.



નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 18/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

સોનિકની ૧૦૦% ગેરંટી !!!

ડબલ ધમાકા કાર ઓફર-૨૦૨૭





















T & C APPLY*

કુલ ઈનામો ૫૫૧

₹ ૭૫૦૦ 'ફ્રી' ખરીદી પર એક માલામાલ કુપન

તા. ૧૬-૦૭-૨૦૨૬ થી તા. ૩૧-૧૨-૨૦૨૬ સુધી માન્ય...

તો રાહ કોની જુઓ છો ?? ચમકાવો નસીબ અને બનો માલામાલ !!!

સોનિક® ગ્રોસર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

KD NEWS
SAVARKUNDLA

તમારા વિસ્તારના સમાચાર
હવે KD News સુધી પહોંચાડો!

તમારા આસપાસ બનતી કોઈ **મહત્વપૂર્ણ ઘટના** હોય,
સામાજિક કે ધાર્મિક **કાર્યક્રમ** હોય, **સેવાકીય પ્રવૃત્તિ** હોય,
જાહેર સમસ્યા હોય કે કોઈ **વિશેષ સિદ્ધિ**ની વાત હોય...









ફોટો | વીડિયો | જરૂરી માહિતી

સાથે અમને મોકલો.

તમારો અવાજ બનશે KD News!

તમારા વિસ્તારની દરેક નાની-મોટી ખબર
લોકો સુધી પહોંચાડવા માટે આજે જ અમારો સંપર્ક કરો.

WhatsApp કરો
9499797973



KD News – તમારા વિસ્તારનો વિશ્વાસુ સમાચાર સાથી.

તારીખ : 18/11/2026

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ સમૂહખેતી ગામે વહેલી સવારે મનસુખભાઈ કુંભાણીના ઘરે ગૌ સેવા કરી

રાજ્યપાલશ્રીએ સમૂહખેતી મુકામે પ્રાથમિક શાળાના સામાન્ય ઓરડામાં રાત્રિ રોકાણ બાદ ખેડૂત પરિવારની સાથે મુલાકાત કરી









રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના પ્રવાસ દરમિયાન સમુહખેતી (ઘુડીયા આગરીયા) ગામે સરકારી પ્રાથમિક શાળાના એક સામાન્ય ઓરડામાં રાત્રિ રોકાણ કર્યું હતું. રાજ્યપાલશ્રી ગ્રામીણ સંસ્કૃતિ સાથે તાદાત્મ્ય સાધીને વહેલી સવારે સમુહખેતી ગામના ખેડૂત શ્રી મનસુખભાઈ કુંભાણીના ઘરે પહોંચ્યા હતાં અને ગાયોના પાલન પોષણની વિગતો મેળવી હતી. ઉલ્લેખનીય છે કે, ખેડૂત મનસુખભાઈ કુંભાણી પાસે અંદાજિત ૩૨ વીઘા જેટલી જમીન છે, જેમાં તેઓ પ્રાકૃતિક કૃષિ સાથે બાગાયતી પાકનું પણ વાવેતર કરે છે. રાજયપાલશ્રીએ તેમના ઘરે જઈ અને ગૌ સેવા કરી હતી અને પશુપાલન સાથે પ્રાકૃતિક કૃષિ અંગે પ્રોત્સાહન પુરું પાડ્યું હતું.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 18/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Organised by:
HEADWAY BUSINESS SOLUTIONS LLP
Solution@100%

www.headway.guru

908 124 1916





"SUVARNA SAUBHAGYA UTSAV – SAMRUDDHI MAHOTSAV"®

SUVARNA SAUBHAGYA UTSAV











અરે... વાહ...

૯,૯૯૯ સુધી

કરોડોની કિંમતના ઈનામો!

હા, સાચું વાંચ્યું.

તે પણ માત્ર ₹ ૧૦,૦૦૦ ના

ઘરેણાંની ખરીદી કે એક્સચેન્જ પર*

તો રાહ કોની જુવો છો, ઘરેણાં સાથે ચમકાવો નસીબ

ઓફરઃ ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ થી ૨૫ ડિસેમ્બર ૨૦૨૬ સુધી જ લાગુ.

*શરતો લાગુ

GJ શ્રી ગોકુલ જ્વેલર્સ

હવેલી શેરી, સાવરકુંડલા. 222195 95373 12695

તારીખ : 18/11/2026

સ્વ. જ્યોત્સનાબેન દિલીપભાઈ દોશીની ૨૨મી પુણ્યતિથિ નિમિત્તે હ. માતૃશ્રી વિમળાબેન હિંમતલાલ દોશી દ્વારા શ્રી કૃષ્ણ ગૌશાળામાં પાંચ દિવસ ગૌમાતાને ખોળ/ગોળ/લીલાં ઘાસચારા માટેનું અનુદાન ૩.૫૦ હજારનું પ્રાપ્ત થયેલ છે.



સાવરકુંડલાના વતની હાલ મુંબઈ ખાતે વસવાટ કરતા જૈન સમાજના વિમલયાત્રા પરિવાર દ્વારા સ્વ. જ્યોત્સનાબેન દિલીપભાઈ દોશીની ૨૨મી પવિત્ર પુણ્યતિથિ નિમિત્તે સાવરકુંડલા નેસડી રોડ પર આવેલ શ્રી કૃષ્ણ ગૌશાળા – પાંજરાપોળ ખાતે માવજત પામતાં ૧૫૦ ઉપરાંત ના ગૌવંશની સેવા અને જીવદયાના ભાવ સાથે સતત પાંચ દિવસ સુધી ગૌવંશ ને ખોળ/ગોળ/લીલાં ઘાસચારાનું ભોજન અર્પણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ઉદારદિલ અને સખાવતી સ્વભાવ ધરાવતા શ્રી દિલીપભાઈ હિંમતભાઈ દોશીએ પોતાની અત્યંત વ્યસ્તતા વચ્ચે પણ અમૂલ્ય સમય ફાળવી શ્રી કૃષ્ણ ગૌશાળાની રૂબરૂ મુલાકાત લીધી હતી. ગૌશાળાની મુલાકાત દરમિયાન તેમણે ગૌમાતાની સેવા નિહાળી રાજીપો વ્યક્ત કર્યો હતો. પોતાના હસ્તે ગૌમાતાને લીલો ઘાસચારા ખવડાવી ગૌસેવાનો લાભ પણ લીધો હતો.આ ઉપરાંત ગૌશાળામાં નિર્માણ પામી રહેલા નૂતન શેડનું તેમણે ખૂબ જ ઝીણવટપૂર્વક અને બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. શેડ માટે ચાલી રહેલી બાંધકામ કામગીરી તથા ગૌશાળામાં ગૌમાતાની સુવિધા માટે થઈ રહેલા વિવિધ સેવાકીય કાર્યો નિહાળી આનંદ અને સંતોષની લાગણી વ્યક્ત કરી હતી. ગૌશાળાની સેવાકીય પ્રવૃત્તિઓમાં દીવસ રાત મહેનત કરી રહેલ ગૌભક્ત શ્રી જયેશભાઈ માટલિયા ની મુક્તકંઠે સરાહના કરી હતી.ખરેખર, સ્વજનની સ્મૃતિને જીવદયા અને ગૌસેવા જેવા પવિત્ર કાર્ય સાથે જોડીને પાંચ દિવસ સુધી ગૌમાતાને ભોજન અર્પણ કરવું એ પરિવારની સંસ્કારસભર ભાવના અને જીવમાત્ર પ્રત્યેની કરુણાનું સુંદર ઉદાહરણ છે.આ પ્રસંગે તેમની સાથે જૈન સમાજના અગ્રણી શ્રી જયેશભાઈ દોશી, શ્રી કૃષ્ણ ગૌ સેવા ટ્રસ્ટના પ્રમુખ શ્રી રાજુભાઈ બોરીસાગર, ગૌસેવાભાવી શ્રી જયેશભાઈ માટલીયા, શ્રી મનોજભાઈ મહેતા, શ્રી કુશાંગ ગોહેલ, શ્રી નીતિનભાઈ ભરખડા સહિત ગૌસેવકો પણ ઉપસ્થિત રહ્યા હતા.શ્રી કૃષ્ણ ગૌ સેવા ટ્રસ્ટ –પરીવાર સાવરકુંડલા તરફથી સ્વ. જ્યોત્સનાબેનને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી દોશી પરિવારનો ગૌસેવા અને જીવદયાના આ ઉમદા યોગદાન બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવે છે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 18/11/2026

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

જય સ્વામિનારાયણ



ભાવભર્યું જાહેર આમંત્રણ

સાવરકુંડલા શ્રી સ્વામિનારાયણ મંદિરનાં

રજત જયંતી મહોત્સવ નિમિત્તે
શ્રીમદ્ ભાગવત સપ્તાહ

ધર્મ, ભક્તિ અને સંસ્કૃતિના મહાસંગમ સાથે મનોરંજન માટે ભવ્ય લોક મેળાનું આયોજન

વકતાશ્રી



પ.પુ.શા.સ્વા. નિર્લેપસ્વરૂપદાસજી
વેદાંતાચાર્ય, એમ.એ.
(વાત્સલ્ય ઈન્ટરનેશનલ સ્કુલ, બોરસદ)



સ.ગુ.શા.સ્વા. હરિપ્રકાશદાસજી
અથાણાવાળા - સાળંગપુર

સાવરકુંડલા શ્રી સ્વામિનારાયણ મંદિરના રજત જયંતી મહોત્સવ નિમિત્તે આયોજિત ભવ્ય શ્રીમદ્ ભાગવત સપ્તાહના પવિત્ર આયોજન કરવામાં આવ્યું છે.

કથા સમય : સવારે ૮:૩૦ થી ૧૧:૩૦, બપોર પછી ૩:૩૦ થી ૬:૩૦ કલાકે

આજરોજ તા. ૧૮/૧૧/૨૦૨૬, બુધવારનાં કાર્યક્રમો

મહારાસ ગાયકશ્રી નિષાદ સોની
રાત્રીના ૮:૩૦ કલાકે

હાટડી ઉત્સવ સવારે ૭:૦૦ કલાકે

આ પવિત્ર ધાર્મિક પ્રસંગે સાવરકુંડલા શહેર તથા આસપાસના તમામ સનાતની ધર્મપ્રેમી નગરજનો, ભક્તજનો, યુવાનો અને પરિવારજનોને ભાવભર્યું જાહેર આમંત્રણ છે.

આયોજક : શ્રી સ્વામિનારાયણ મંદિર, શિવાજીનગર, સાવરકુંડલા

તારીખ : 18/11/2026

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

નોંધણવદર ટ્રાન્સપોર્ટ ડીલેવરી & બુકીંગ સાવરકુંડલા ઓફીસ

સમય બપોરે

3:00 થી 6:00

સંપર્ક :- મિલન ઠક્કર

મો. 9879109661

મો. 7778896611

તારીખ : 18/11/2026

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની રાજુલા તાલુકાની મુલાકાત: ગ્રામ કલ્યાણ, પ્રાકૃતિક ખેતી અને જળસંચયની પહેલોને પ્રોત્સાહન

છતડીયા હેલીપેડ ખાતે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરાયું; સમૂહખેતી અને કોટડી પરા ખાતે વિવિધ લોકકલ્યાણલક્ષી કાર્યક્રમોમાં ઉપસ્થિતિ











અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના સમૂહખેતી અને કોટડી પરા ખાતે આયોજિત ગ્રામ કલ્યાણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીનું રાજુલા તાલુકાના છતડીયા હેલીપેડ ખાતે આગમન થતાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે રાજુલા જાફરાબાદના ધારાસભ્ય શ્રી હીરાભાઈ સોલંકી, સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા, જિલ્લા કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી રાજેશકુમાર મૌર્ય, સુપરન્યુમરરી આસિસ્ટન્ટ કલેક્ટર શ્રીમતી હર્ષિતા ગોયલ તથા એ.એસ.પી. શ્રી જયવીર ગઢવી સહિતના મહાનુભાવોએ પુષ્પગુચ્છ અર્પણ કરી રાજ્યપાલશ્રીનું સ્વાગત કર્યું હતું.રાજુલા તાલુકાના કોટડી ગામ ખાતે પ્રગતિશીલ ખેડૂત અને ગામના સરપંચ શ્રી મનુભાઈ આહીર દ્વારા નિર્મિત ખેત તલાવડીના લોકાર્પણ કાર્યક્રમમાં રાજ્યપાલશ્રી ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે રાજુલા-જાફરાબાદના પૂર્વ ધારાસભ્ય શ્રી અમરીશભાઈ ડેર સહિતના આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. ખેત તલાવડી જેવી પહેલ ખેડૂતો માટે જળસંચય અને ખેતીની સમૃદ્ધિની દિશામાં મહત્ત્વપૂર્ણ બની રહેશે.ત્યારબાદ કોટડી પરા ખાતે આવેલી ગીર ગાય ગૌશાળાની મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી સાથે ગૌમાતાના પૂજનમાં સહભાગી થવાનો અવસર પ્રાપ્ત થયો હતો. ગૌસંવર્ધન, ગૌરક્ષા અને પ્રાકૃતિક ખેતીના પ્રોત્સાહનમાં ગીર ગાયનું વિશેષ મહત્ત્વ રહેલું છે. રાજ્યપાલશ્રી પ્રાકૃતિક ખેતીના પ્રખર હિમાયતી હોવાથી તેમની આ મુલાકાતે ગૌપાલન અને પ્રાકૃતિક ખેતીના મહત્ત્વને વિશેષ પ્રેરણા પૂરી પાડી હતી.સમૂહખેતી ગામ ખાતે રાજ્યપાલશ્રીની વિશેષ ઉપસ્થિતિમાં 'ગોવિંદ સાગર તળાવ'ના ખાતમુહૂર્ત સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જળસંચય અને જળસંરક્ષણની દિશામાં આ પહેલ ગ્રામ્ય વિસ્તારના ભૂગર્ભ જળસ્તર સુધારવા, પાણીની ઉપલબ્ધતા વધારવા તેમજ ખેતી અને પશુપાલન ક્ષેત્રને નવી દિશા આપવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપશે. આ પ્રસંગે રાજુલા-જાફરાબાદના ધારાસભ્ય શ્રી હીરાભાઈ સોલંકી, સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.રાજ્યપાલશ્રીએ સમૂહખેતી ગામ ખાતે શ્રી જીવાભાઈ કરશનભાઈ ધાખડા તથા તેમના પરિવારજનો સાથે રાત્રિભોજન પણ લીધું હતું. આ પ્રસંગે સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા સહિતના રાજકીય અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.આ સમગ્ર મુલાકાત દરમિયાન પ્રાકૃતિક ખેતી, ગૌસંવર્ધન, જળસંચય અને ગ્રામ્ય વિકાસને કેન્દ્રસ્થાને રાખીને હાથ ધરવામાં આવેલી વિવિધ પ્રવૃત્તિઓએ ગ્રામ કલ્યાણ અને કૃષિ સમૃદ્ધિનો સકારાત્મક સંદેશ આપ્યો હતો. રાજ્યપાલશ્રીની આ મુલાકાતથી રાજુલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસલક્ષી અને લોકકલ્યાણની પહેલોને નવી પ્રેરણા મળી હતી.

તારીખ : 18/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

મકાન 2 વેચવાના છે

નવું બાંધકામ, મહુવારોડ, કલ્યાણ સોસાયટી, સાવરકુંડલા

મો. 9737740307

કે.કે NEWS

તારીખ : 18/11/2026

ખાંભામાં વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પનું આયોજન



માનવસેવા એ જ પ્રભુસેવાના પવિત્ર ભાવ સાથે ખાંભા ખાતે વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી સહજાનંદ ગુરુકુલ, ખાંભા ખાતે વિરનગર ડોક્ટર ટીમના સહયોગથી આ કેમ્પ યોજાશે, જેમાં આંખોની તપાસ, નિદાન અને જરૂરી સારવાર વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે.આ કેમ્પનું આયોજન આગામી *રવિવાર, તા. ૨૨ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે ૮:૩૦થી ૧૧:૩૦ કલાક દરમિયાન* કરવામાં આવ્યું છે. આંખોની તંદુરસ્તી પ્રત્યે જાગૃતિ કેળવવા તેમજ જરૂરિયાતમંદ લોકોને યોગ્ય નેત્ર સારવાર મળી રહે તેવા સેવાભાવી ઉદ્દેશ્ય સાથે આ આયોજન કરવામાં આવ્યું છે.આ સેવાકીય કેમ્પનો વધુમાં વધુ લોકો લાભ લે અને પોતાની આંખોની તપાસ કરાવી સ્વસ્થ દૃષ્ટિ તરફ એક મહત્વપૂર્ણ પગલું ભરે તેવી અપીલ કરવામાં આવી છે.

તારીખ : 18/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

ઈલેકટ્રોનીક કાંટા માં

2 કારીગરની જરૂરીયાત છે.

કાયમી માટે

મો. 94297 28308

કે.ડી NEWS

તારીખ : 18/11/2026

વિદ્વાન વક્તા અને ઈન્ટરનેશનલ મોટીવેશનલ સ્પીકર પૂ.ડો.જ્ઞાનવત્સલ સ્વામીની અમરેલીના આંગણે જાહેર સત્સંગ સભા.



બી.એ.પી.એસ. સંસ્થાના પ્રખર વકતા સંત પૂ.ડો.જ્ઞાનવત્સલ સ્વામીની ઉપસ્થિતિમાં તા.૨૨ નવેમ્બર, ૨૦૨૬ને રવિવારના રોજ રાત્રે ૮:૩૦થી શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ વિદ્યાસભા, લાઠી રોડ, અમરેલી ખાતે "પરિવારઃ સંસ્કારથી વૈશ્વિકતા સુધી" વિષય ઉપર વિશેષ પ્રેરણાદાયી સભાનું આયોજન કરવામાં આવેલ છે. પૂ.જ્ઞાનવત્સલ સ્વામીએ છેલ્લા ત્રણ દાયકાથી ભારત સહિત અમેરીકા, યુકે, યુરોપ, કેનેડા, ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલીયા જેવા ૪૦ થી વધુ દેશોમાં ૧૫,૦૦૦થી વધુ જીવન ઘડતરના વિવિધ વિષયો ઉપર પ્રેરણાદાયી વકતવ્યો આપ્યા છે. તેઓની પ્રભાવક શૈલી અને જીવન ઘડતરના પાઠ ભણાવવા માટે વિશ્વના અનેક દેશોમાં તથા યુનીવર્સીટીઓ દ્વારા તેઓને સન્માનીત કરવામાં આવ્યા છે. ભગવાનશ્રી સ્વામિનારાયણ, પ.પૂ.પ્રમુખસ્વામી મહારાજ તથા પ.પૂ. મહંતસ્વામી મહારાજના વિચારોને તેઓ પોતાની જ્ઞાનવાણી દ્વારા દેશ-વિદેશમાં પહોંચાડી રહ્યા છે. યુવાનો માટે તેઓ મોટીવેશનલ ગુરૂ છે તો વડીલો માટે તેમની વાણીમાંથી હુંફની સરવાણી વહે છે.તેઓની સરળ અને સચોટ શૈલી દ્વારા લાખો લોકોને જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાની પ્રેરણા પ્રાપ્ત થયેલ છે. સોશ્યલ મીડીયાના માધ્યમથી અબાલ-વૃધ્ધ લાખો લોકો તેઓના ફોલોવર છે અને લાખો લોકોના દિશાદર્શક અને પથદર્શક તેઓ બન્યા છે.આજે વર્તમાન સમયમાં પરિવારોમાં વધતા તણાવ અને અંતર વચ્ચે તેઓના અમૂલ્ય માર્ગદર્શનથી હજારો પરિવારો તુટતા બચ્યા છે. તેવા જ એક વૈશ્વિક વિષય સાથે અમરેલીના આંગણે જાહેર સત્સંગ સભાનું આયોજન કરવામાં આવેલ છે. જેના ભાગરૂપે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર અમરેલીના કોઠારી સંત પુ.સાધુચરિતસ્વામીના માર્ગદશન નીચે હરિભકતો દ્વારા અમરેલી શહેર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં ઘરે ઘરે જઈને આમંત્રણ પાઠવી રહ્યા છે. અમરેલીના આંગણે આવી રહેલા આવા અમૂલ્ય લાભનું આચમન કરવા માટે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, અમરેલી દ્વારા અમરેલી શહેર તથા આસપાસના વિસ્તારના નગરજનોને પધારવા માટે હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું છે.

કે.કે NEWS

તારીખ : 18/11/2026

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની વિશેષ ઉપસ્થિતિમાં સમૂહખેતી ગામે યોગ અને પ્રાણાયામનો અભ્યાસ યોજાયો

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના સમૂહખેતી ગામે રાત્રિ રોકાણ બાદ 18 નવેમ્બર 2026 બુધવારના રોજ સવારે ગુજરાત રાજ્યના માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની વિશેષ ઉપસ્થિતિમાં યોગ અને પ્રાણાયામનો અભ્યાસ યોજાયો હતો. આ પ્રસંગે જિલ્લા પ્રભારી તથા કૃષિ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી અને સાવરકુંડલા-લીલીયા વિસ્તારના ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ગામની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો, યુવાનો તથા ગ્રામજનોએ પણ ઉત્સાહપૂર્વક યોગ અને પ્રાણાયામના અભ્યાસમાં સહભાગી બની સ્વસ્થ જીવનનો સંદેશ આપ્યો હતો.આ પ્રસંગે યોગના મહત્ત્વ અંગે જણાવાયું હતું કે યોગ માત્ર શારીરિક સ્વાસ્થ્ય જાળવવાનું માધ્યમ નથી, પરંતુ માનસિક શાંતિ, એકાગ્રતા અને સકારાત્મક ઊર્જા પ્રાપ્ત કરવાનો પણ શ્રેષ્ઠ માર્ગ છે. ભારતની પ્રાચીન સંસ્કૃતિની આ અમૂલ્ય ધરોહરને દેશના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વના ખૂણે-ખૂણે જન-જન સુધી પહોંચાડી વૈશ્વિક ઓળખ અપાવી છે.







કે.ડી NEWS

તારીખ : 18/11/2026

ખાંભામાં સ્વ. ભરતભાઈ માલણકિયાની સ્મૃતિમાં ભવ્ય સંતવાણી યોજાઈ








ખાંભા ખાતે તા. 17 નવેમ્બર, 2026ના મંગળવારના રોજ સ્વ. ભરતભાઈ માલણકિયાની સ્મૃતિમાં ભવ્ય સંતવાણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વ. ભરતભાઈ માલણકિયા શિક્ષક તરીકે શૈક્ષણિક ક્ષેત્રે પોતાની સેવાઓ આપી અનેક વિદ્યાર્થીઓના જીવનઘડતરમાં યોગદાન આપ્યું હતું. તેમના શિક્ષક તરીકેના સેવાભાવી વ્યક્તિત્વ અને સ્મૃતિને વંદન સાથે આ કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે 'માં અમરધામ આશ્રમ, ડેડાણ'થી પધારેલા પૂજ્ય દેવેન્દ્રદાસ બાપુનું સન્માન કરવામાં આવ્યું હતું. જે પ્રસંગે ઉપસ્થિત સૌએ બાપુના ભાવપૂર્વક આશીર્વાદ મેળવ્યા હતા.આ ભવ્ય સંતવાણીમાં મોટી સંખ્યામાં ભજનપ્રેમી ભાઈઓ-બહેનોએ ઉપસ્થિત રહી ભક્તિભાવપૂર્વક ભજનો અને સંતવાણીનો આનંદ માણ્યો હતો. સંતોના સાનિધ્યમાં ભક્તિ, શ્રદ્ધા અને આધ્યાત્મિકતાના માહોલ વચ્ચે યોજાયેલો આ કાર્યક્રમ સ્વ. ભરતભાઈ માલણકિયાને ભાવભરી સ્મરણાંજલિ અર્પણ કરતો યાદગાર પ્રસંગ બની રહ્યો હતો.

તારીખ : 18/11/2026

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ રાજુલા તાલુકાના ઝાંપોદર મુકામે પ્રાકૃતિક કૃષિ કરતા પ્રગતિશીલ ખેડૂત દાનાભાઈ લાડુમોરના ખેતરની મુલાકાત લીધી

રાજ્યપાલશ્રીએ યુરિયા સહિતના રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ ત્યાગીને ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે ખેડૂતોને આહ્વાન કર્યું







આજરોજ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ અમરેલી જિલ્લાના રાજુલાના તાલુકાના ઝાંપોદર (જુની માંદરડી રોડ સ્થિત) મુકામે પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂત દાનાભાઈ લાડુમોરના ખેતરની મુલાકાત લીધી હતી. રાજ્યપાલશ્રીએ અહીં આંબા, વિવિધ ફળ અને શાકભાજી સહિતના પાકનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરી ખેડૂતો સાથે સંવાદ કર્યો હતો. આ મુલાકાત વેળાએ રાજ્યપાલશ્રીએ ખેડૂતોને યુરિયા સહિત રાસાયણિક ખાતરયુક્ત અને જંતુનાશક દવાઓયુક્ત ખેતી છોડીને ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે આહ્વાન કર્યું હતું. તેમણે ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના પાંચ આયામો અપનાવી લોક કલ્યાણકારી ખેતી અપનાવવા માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતુ. રાજ્યપાલશ્રીએ આ મુલાકાત દરમિયાન ખેડૂતો સાથે આત્મીયતાભર્યો સંવાદ કર્યો હતો તથા પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતોના પ્રોત્સાહક અનુભવો જાણી હર્ષ વ્યક્ત કર્યો હતો.રાજ્યપાલશ્રીની મુલાકાત વેળાએ જિલ્લા પ્રભારી અને કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, સાવરકુંડલા ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા, રાજુલા ધારાસભ્ય શ્રી હિરાભાઈ સોલંકી પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. પ્રાકૃતિક કૃષિકાર દાનાભાઈ લાડુમોરના ફાર્મ ખાતે કૃષિ વૈજ્ઞાનિક દ્વારા ઉપસ્થિત સર્વ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ, તેનું મહત્વ અને જીવામૃત, ઘનજીવામૃત તૈયાર કરવાની પદ્ધતિનું વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. રાજ્યપાલશ્રીએ ખેડૂતોને સંબોધતા જણાવ્યું હતું કે,

પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત લઈ વિવિધ ફળ અને શાકભાજીના પાકનું નિરીક્ષણ કરી ખેડૂતો સાથે પ્રત્યક્ષ સંવાદ કરતાં રાજ્યપાલશ્રી

જિલ્લા પ્રભારી અને કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, સાવરકુંડલા ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા, રાજુલા ધારાસભ્ય શ્રી હિરાભાઈ સોલંકીની ઉપસ્થિતિ

આજે સમગ્ર વિશ્વમાં ગ્લોબલ વોર્મિંગ સતત વધી રહ્યું છે, તેની નકારાત્મક અસરો માત્ર જળ,જમીન અને વાયુ પર નહીં, પરંતુ સાથે સાથે માનવીય જીવન પર પણ પડી રહી છે. કેન્સર સહીતના જીવલેણ રોગ સતત વધી રહ્યા છે. રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના વધુ પડતા અવિવેકી ઉપયોગથી જમીનમાં ઓર્ગેનિક કાર્બનનું સ્તર સતત ઘટી રહ્યું છે. આપણો ખોરાક હવે ગુણવત્તા ગુમાવી રહ્યો છે. જમીન પ્રદૂષિત બનીને બંજર બની રહી છે. રાજ્યપાલશ્રીએ વર્તમાનની સાથે ભવિષ્યનો વિચાર કરીને પરિવારની જરૂરીયાત પ્રમાણે થોડી જમીનમાં ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવવી જોઈએ એ વિચાર પર વાત આગળ વધારતા ભારપૂર્વક જણાવ્યું કે, પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ એ પુણ્યનું કામ છે, પ્રાકૃતિક કૃષિ કરવાથી આવકમાં ઘટાડો થાય છે, તે ધારણા મૂળમાંથી જ ખોટી સાબિત થઈ રહી છે. ઝાંપોદર મુકામે રાજ્યપાલશ્રીની પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત વેળાએ રાજુલાના પૂર્વ ધારાસભ્ય શ્રી અંબરીષભાઈ ડેર, સ્થાનિક આગેવાનો અને અગ્રણીશ્રીઓ, જિલ્લા કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી મોર્ય, સુપર ન્યુમરરી આસિસ્ટન્ટ કલેક્ટર શ્રી હર્ષિતા ગોયલ, એ.એસ.પી શ્રી જયવીર ગઢવી, રાજુલા પ્રાંત અધિકારી શ્રી અક્ષર વ્યાસ સહિતના અધિકારીશ્રીઓ, બહોળી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.







ગ્રાન્ડેડ A4 પેપર ₹185 થી શરૂ
ઝેરોક્ષ 10 રૂપિયા
દોશી કાંતિલાલ દલીચંદ
દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 18/11/2026

શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન શ્રી સ્વામિનારાયણ મંદિર, વડોદરા "શ્રી ઘનશ્યામ મહારાજ સુવર્ણ પ્રતિષ્ઠા મહોત્સવ" અંતર્ગત યોજાયેલ સંત સંમેલન.....









શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય જ્ઞાનમહોદધિ પરમ પૂજ્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજના અધ્યક્ષ પદે ઉજવાતા શ્રી સ્વામિનારાયણ મંદિર, વડોદરા "શ્રી ઘનશ્યામ મહારાજ સુવર્ણ પ્રતિષ્ઠા મહોત્સવે" યોજાયેલ સંત સંમેલન જગદ્ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્ય પ્રાગટ્ય પીઠ ગૃહધિપતિ સોમયાજી દીક્ષિત અનંત વિભૂષિત પ.પૂ. ગો. ૧૦૮ દ્વારકેશલાલજી મહારાજ શ્રી તથા હરિધામ સોખડાથી પ્રાણેશદાસજી સ્વામી વિગેરે તથા બાકરોલ હવેલીથી સુચેતનદાસજી સ્વામી વિગેરે પૂજનીય સંતો પધાર્યા હતા, તેઓશ્રીનું યથાયોગ્ય સન્માન કરવામાં આવ્યું હતું.ભગવાનના પાવન ચરણ જ્યાં પડે ત્યાં પવિત્રતા, સંસ્કાર, સદાચાર અને ભક્તિનો પ્રકાશ પ્રગટે છે. સંગીત, નૃત્ય, અભિનય અન્ય આધ્યાત્મિક સંદેશના સમન્વય દ્વારા ધાર્મિક મૂલ્યો, સંસ્કારો તથા ભગવાનના દિવ્ય મહિમાને સુંદર રીતે નૃત્ય નાટિકા દ્વારા રજૂ કરાયું હતું. જેથી નવી પેઢીમાં ધર્મ, સંસ્કૃતિ, સંસ્કાર અને ભક્તિ પ્રત્યે જાગૃતિ આવે તેવો ભાવ રહેલો હતો. મહોત્સવમાં રહસ્યાર્થ પ્રદીપિકાટીકા સહ વચનામૃત ગ્રંથ, શ્રી સ્વામિનારાયણ ગાદી ગ્રંથ, શ્રીજીસ્વયંમૂર્તિ જીવનપ્રાણ શ્રી અબજી બાપાશ્રીની વાર્તાની સમુહ પારાયણ, મહાપૂજા, આરતી વિગેરે વૈવિધ્ય સભર કાર્યક્રમો યોજાયા હતા.આ અણમોલ અવસરમાં રાજકીય મહાનુભાવો પણ પ્રેરક ઉપસ્થિતિ નોંધાવી હતી, ઉપરાંત દેશ વિદેશમાંથી પણ હરિભક્તોનો વિશાળ સમુદાય ઉપસ્થિત રહ્યો હતો.તેમ સં. શિં. નિત્યપ્રકાશદાસજી સ્વામીમહંતએ જણાવ્યું હતું

તારીખ : 18/11/2026

અમરેલી જિલ્લાના આંગણે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી પધાર્યા

અમરેલી જિલ્લાના આંગણે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી પધાર્યા હતા રાજુલા તાલુકાના સમૂહખેતી ગામે ગઈકાલે કૃષિ સંવાદ રાજ્યપાલની ઉપસ્થિતિમાં વિવિધ કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે... જેમાં ખેડૂતોના ખમીરનું સન્માન, પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ, ગોવિંદ સરોવર અને ગ્રામ તળાવના ખાતમુહૂર્ત સહિતના કાર્યક્રમો આકર્ષણનું કેન્દ્ર બન્યા તો બીજી તરફ ખેડૂત સંગઠન અને લોકસેવાના આજીવન ભેખધારી સ્વર્ગસ્થ ભગવાનભાઈ કાનજીભાઈ કસવાળાની પૂર્ણ કદની પ્રતિમાનું પણ અનાવરણ કરવામાં આવ્યું રાજુલા તાલુકાનું સમૂહખેતી ગામ બનશે રાજકીય અને કૃષિ ક્ષેત્રના અગ્રણીઓની ઉપસ્થિતિનું સાક્ષી બન્યું હતું જેમાં ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી બે દિવસીય કાર્યક્રમમાં સમૂહખેતી ગામની મુલાકાતે પધાર્યા હતા આ પ્રસંગે ખેડૂતોના ખમીરને બિરદાવવા સાથે પ્રાકૃતિક કૃષિ અંગે વિશેષ સંવાદ યોજાયો હતો આ કાર્યક્રમમાં રાજ્યના કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી, ઉર્જામંત્રી કૌશિક વેકરિયા, સાંસદ ભરતભાઈ સુતરીયા તેમજ ધારાસભ્યો હીરાભાઈ સોલંકી, જે.વી. કાકડિયા અને જનકભાઈ તળાવિયા સહિતના મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા ખાસ કરીને આજે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન અને સંવાદનો અવસર પ્રાપ્ત થયો હતો તો આ કાર્યક્રમનું વધુ એક વિશેષ આકર્ષણ સ્વર્ગસ્થ ભગવાનભાઈ કાનજીભાઈ કસવાળાની પૂર્ણ કદની પ્રતિમાનું અનાવરણ રહ્યું હતું ખેડૂત સંગઠન અને લોકસેવા માટે સમગ્ર જીવન સમર્પિત કરનાર સ્વર્ગસ્થ ભગવાનભાઈકસવાળા સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના દાદા હોય ત્યારે રાજ્યપાલના આગમન સાથે સમૂહખેતી ગામે કૃષિ, ખેડૂત સન્માન અને લોકસેવાના સંસ્મરણોનો ત્રિવેણી સંગમ સર્જાયો હતો રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી દ્વારા કૃષિ સંવાદ સાથે ખેડૂતોને પ્રાકૃતિક ખેતીનું નિરીક્ષણ સાથે પાર્કૃતિક ખેતી કરતા ખેડૂતોની મુલાકાત કરી હતી જ્યારે સવારે ગામડામાં સફાઈ અભિયાન પણ આચાર્ય દેવવ્રતજી સંગાથે ધારાસભ્ય મહેશ કસવાળા અને હીરા સોલંકી જોડાયા હતા











કે.ડી NEWS

તારીખ : 18/11/2026

સોમનાથ મહાદેવના સાનિધ્યમાં ભારતીય સેનાનું સાહસિક હવાઈ અભિયાન, એરક્રાફ્ટથી થશે પુષ્પવર્ષા



‘વિંગ્સ ઓફ વેલોર એન્ડ યુનિટી એક્સપેડિશન’ અંતર્ગત ફ્લાયપાસ્ટ દ્વારા પ્રથમ જ્યોતિર્લિંગને અપાશે ભાવવંદના




પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવનું પવિત્ર ધામ હવે ભારતીય સેનાના અનોખા સાહસિક હવાઈ અભિયાનનું સાક્ષી બનવા જઈ રહ્યું છે. ભારતીય સેનાના ‘વિંગ્સ ઓફ વેલોર એન્ડ યુનિટી એક્સપેડિશન’ અંતર્ગત સોમનાથ મંદિર ઉપર એરક્રાફ્ટ દ્વારા ફ્લાયપાસ્ટ અને પુષ્પવર્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. સવારના સમયે યોજાનાર આ વિશેષ કાર્યક્રમમાં આકાશમાંથી પુષ્પવર્ષા કરીને દેવાધિદેવ મહાદેવના ચરણોમાં ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવશે.ગુજરાતના દરિયાકાંઠાના આકાશમાં ભારતીય સેનાના વિવિધ એરક્રાફ્ટની સાહસિક ઉડાન અને સોમનાથ મંદિર પર થનારી પુષ્પવર્ષા આ અવસરને વિશેષ યાદગાર બનાવશે. આ અભિયાન ભારતીય સેનાની સાહસિકતા, શૌર્ય અને ઉડ્ડયન કૌશલ્યનું પ્રતીક બનવાની સાથે દેશભક્તિની ભાવનાને પણ વધુ પ્રબળ બનાવશે.ઉલ્લેખનીય છે કે, ભારતીય સેનાની ‘માઉન્ટેન ઈગલ્સ’ ટીમ દ્વારા 14 નવેમ્બર, 2026ના રોજ મધ્યપ્રદેશના મહુથી આશરે 3,200 કિલોમીટરની સાહસિક સફરનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ અભિયાનના માર્ગમાં ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશના ઐતિહાસિક તથા સાંસ્કૃતિક મહત્ત્વ ધરાવતા વિવિધ સ્થળોનો સમાવેશ કરવામાં આવ્યો છે. અભિયાનના ભાગરૂપે ટીમ અમરેલીથી દીવ, ઐતિહાસિક સોમનાથ મંદિર અને કેશોદ થઈ જામનગર પહોંચશે.આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ ભારતીય સેનાની સાહસવૃત્તિ અને ઉડ્ડયન ક્ષેત્રની ક્ષમતાઓને લોકો સમક્ષ રજૂ કરવાની સાથે રાષ્ટ્રીય એકતા, દેશપ્રેમ અને સાહસની ભાવનાને પ્રોત્સાહન આપવાનો છે. દેશની અખંડિતતા અને એકતાનો સંદેશ આપતું આ અભિયાન યુવા પેઢી માટે પણ પ્રેરણારૂપ બની રહેશે.બીજી તરફ, સોમનાથમાં યોજાનારા કાર્તિકી પૂર્ણિમાના મેળાને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે યાત્રાધામમાં તૈયારીઓ તેજ બની છે. આવા સમયે ભારતીય સેનાના આ વિશેષ હવાઈ અભિયાનને પગલે સોમનાથની પવિત્ર ધરતી પર ભક્તિ, શૌર્ય અને રાષ્ટ્રગૌરવનો અનોખો સંગમ જોવા મળશે.

કે.કે NEWS

તારીખ : 18/11/2026

મહાન ક્રાંતિકારી બટુકેશ્વર દત્તજીની જન્મજયંતીએ ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ



ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં અમૂલ્ય યોગદાન આપનાર મહાન ક્રાંતિકારી બટુકેશ્વર દત્તજીની જન્મજયંતી નિમિત્તે તેમને સાદર વંદન અને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવે છે.શહીદ ભગતસિંહજી સાથે મળીને તેમણે બ્રિટિશ હકૂમત સામે ક્રાંતિનો બુલંદ નાદ કરી દેશની આઝાદીની લડતને નવી દિશા અને ઊર્જા આપી હતી. દેશની સ્વતંત્રતા માટે તેમણે જેલની અસહ્ય યાતનાઓ અને કાળા પાણીની સજા સહન કરી, છતાં માતૃભૂમિ પ્રત્યેની તેમની અડગ નિષ્ઠા અને સમર્પણમાં ક્યારેય ઓટ આવી નહોતી.તેમનું અદમ્ય સાહસ, ત્યાગ, બલિદાન અને રાષ્ટ્રપ્રેમ ભારતીય ઈતિહાસમાં હંમેશાં અમર રહેશે. દેશ માટે સર્વસ્વ ન્યોછાવર કરનાર આવા મહાન ક્રાંતિકારીનું જીવન યુવા પેઢી માટે સદાય પ્રેરણારૂપ બની રહેશે.મહાન ક્રાંતિકારી બટુકેશ્વર દત્તજીને જન્મજયંતીએ શત શત નમન!

ડે.ડે NEWS

તારીખ : 18/11/2026

જૂનાગઢ પરિક્રમા મેળા દરમિયાન મુસાફરોની સુવિધા માટે જૂનાગઢ-રાજકોટ વચ્ચે દોડશે 2 જોડી મેળા સ્પેશિયલ ટ્રેનો

18થી 26 નવેમ્બર દરમિયાન નિર્ધારિત દિવસોએ થશે સંચાલન; બંને જોડી ટ્રેનો સંપૂર્ણપણે અનરિઝર્વ્ડ રહેશેપશ્ચિમ રેલવે દ્વારા જૂનાગઢ ખાતે આયોજિત પ્રસિદ્ધ પરિક્રમા મેળા દરમિયાન મુસાફરોની વધારાની ભીડને ધ્યાનમાં રાખીને તેમની સુવિધા માટે જૂનાગઢ અને રાજકોટ વચ્ચે 2 જોડી મેળા સ્પેશિયલ ટ્રેનો દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:

1. ટ્રેન નંબર 09604/09603 રાજકોટ-જૂનાગઢ-રાજકોટ સ્પેશિયલટ્રેન નંબર 09604 રાજકોટ-જૂનાગઢ સ્પેશિયલ રાજકોટથી સવારે 10:25 કલાકે ઉપડી બપોરે 13:00 કલાકે જૂનાગઢ પહોંચશે. પરત ફરતી વખતે ટ્રેન નંબર 09603 જૂનાગઢ-રાજકોટ સ્પેશિયલ જૂનાગઢથી બપોરે 13:40 કલાકે ઉપડી સાંજે 17:05 કલાકે રાજકોટ પહોંચશે.આ ટ્રેન બંને દિશામાં ભક્તિનગર, ગોંડલ, ગોમટા, વીરપુર, નવાગઢ, જેતલસર અને વડાલ સ્ટેશનો પર ઊભી રહેશે. આ ટ્રેન 18થી 26 નવેમ્બર 2026 દરમિયાન (20 અને 24 નવેમ્બર સિવાય) દરરોજ દોડશે.

2. ટ્રેન નંબર 09606/09605 રાજકોટ-જૂનાગઢ-રાજકોટ સ્પેશિયલટ્રેન નંબર 09606 રાજકોટ-જૂનાગઢ સ્પેશિયલ રાજકોટથી રાત્રે 23:30 કલાકે ઉપડી બીજા દિવસે રાત્રે 02:45 કલાકે જૂનાગઢ પહોંચશે. પરત ફરતી વખતે ટ્રેન નંબર 09605 જૂનાગઢ-રાજકોટ સ્પેશિયલ જૂનાગઢથી સવારે 04:25 કલાકે ઉપડી સવારે 06:55 કલાકે રાજકોટ પહોંચશે.આ ટ્રેન પણ બંને દિશામાં ભક્તિનગર, ગોંડલ, ગોમટા, વીરપુર, નવાગઢ, જેતલસર અને વડાલ સ્ટેશનો પર ઊભી રહેશે. આ ટ્રેન 18થી 26 નવેમ્બર 2026 દરમિયાન (19 અને 23 નવેમ્બર સિવાય) દરરોજ દોડશે.મંડળ રેલ પ્રબંધક, ભાવનગર, શ્રી દિનેશ વર્માના માર્ગદર્શન હેઠળ મુસાફરોને વધુ સારી અને સુવિધાજનક રેલ મુસાફરી ઉપલબ્ધ કરાવવાના પ્રયાસોના ભાગરૂપે આ વ્યવસ્થા કરવામાં આવી છે.ઉલ્લેખનીય છે કે મુસાફરોની સુવિધા માટે ઉપરોક્ત બંને જોડી મેળા સ્પેશિયલ ટ્રેનો સંપૂર્ણપણે અનરિઝર્વ્ડ રહેશે. આ ટ્રેનોના સ્ટોપેજ, સમયપત્રક અને અન્ય વિસ્તૃત માહિતી માટે મુસાફરો ભારતીય રેલવેની વેબસાઈટ www.enquiry.indianrail.gov.in અથવા NTES એપ દ્વારા માહિતી મેળવી શકશે.

અતુલ કુમાર ત્રિપાઠી વરિષ્ઠ મંડલ વાણિજ્ય પ્રબંધકપશ્ચિમ રેલવે, ભાવનગર મંડલ

કે.ડી NEWS

તારીખ : 18/11/2026

વીબી – જી રામ જી અંતર્ગત વિકસિત ગ્રામ પંચાયત પ્લાન (VGPP) બનાવવા એક દિવસીય વર્કશોપ સફળતાપૂર્વક સંપન્ન

ગુજરાત દેશમાં અગ્રેસર: ૧૭૦ અધિકારીઓએ ભાગ લીધો – ૧૯ નવેમ્બરથી ૪૧૯ અધિકારીઓ માટે ત્રણ દિવસની ૧૦ તાલીમોનું સ્પીપા, અમદાવાદ ખાતે આયોજન

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અમરેલીના નિયામકશ્રી કે.જે.જાડેજા સહભાગી બન્યા

ભારત સરકારના ગ્રામીણ વિકાસ વિભાગની સૂચના અન્વયે વિકસિત ભારત – ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ) એટલે કે વીબી - જી રામ જી અધિનિયમ, ૨૦૨૫ અંતર્ગત રાજ્યની તમામ ગ્રામ પંચાયતો દ્વારા તૈયાર કરવાના થતા વિકસિત ગ્રામ પંચાયત પ્લાન (VGPP) પર એક દિવસીય વર્કશોપ તા. ૧૭ નવેમ્બર ૨૦૨૬ના રોજ સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા (સ્પીપા), અમદાવાદ ખાતે સફળતાપૂર્વક યોજાયો હતો.આ વર્કશોપ ગુજરાત રાજ્યના ગ્રામ વિકાસ વિભાગના કમિશનર અને અગ્ર સચિવ માનનીય શ્રી ધનંજય દ્વિવેદીની સૂચના અને માર્ગદર્શન હેઠળ તથા રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થાના વિશેષ નિયામક માનનીય શ્રી સી. સી. કોટક સરની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. વર્કશોપમાં વીબી - જી રામ જીના રાજ્ય સ્તરના અધિકારીઓ, અમરેલી જિલ્લાના ગ્રામ વિકાસ એજન્સીન નિયામકશ્રી કે.જે. જાડેજા સહિત રાજ્યના ૩૪ જિલ્લાઓના જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રીઓ તથા જિલ્લા અને તાલુકા કક્ષાના અધિકારીઓ મળી કુલ ૧૭૦ સહભાગીઓએ ભાગ લીધો હતો.વર્કશોપના પ્રારંભે વિશેષ નિયામક શ્રી સી. સી. કોટક દ્વારા પ્રાસંગિક ઉદ્બોધન આપતાં વીબી - જી રામ જી અધિનિયમની મુખ્ય જોગવાઈઓ, વિકસિત ગ્રામ પંચાયત પ્લાનનું મહત્ત્વ, સહભાગી આયોજન, પીઆરએ ટૂલ્સ, વિવિધ વિભાગો સાથે કન્વર્જન્સ અને અધિકારીઓશ્રીની ભૂમિકા અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે VGPP નીચેથી ઉપરના આયોજન દ્વારા ગામની વાસ્તવિક જરૂરિયાતોને આધારે ટકાઉ સંપત્તિ નિર્માણ અને સર્વગ્રાહી ગ્રામ વિકાસને વેગ આપશે.વર્કશોપમાં VGPP નો પરિચય અને માળખું, અધિનિયમની જોગવાઈઓ, સહભાગીદારી આધારિત આયોજન, કામોની કેટેગરી, કન્વર્જન્સ તથા ગ્રામ પંચાયત વિકાસ પ્લાનની તૈયારી અને અમલીકરણ જેવા વિષયો પર વિસ્તૃત ચર્ચા અને ઓરિએન્ટેશન આપવામાં આવ્યું હતું. પ્રિ-ટેસ્ટ અને પોસ્ટ-ટેસ્ટ દ્વારા સહભાગીઓની સમજણનું મૂલ્યાંકન પણ કરવામાં આવ્યું હતું.ગુજરાત રાજ્ય આ ક્ષેત્રમાં દેશમાં અગ્રેસર રહીને વિકસિત ભારત @૨૦૪૭ ના વિઝનને સાકાર કરવાની દિશામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે.તા. ૧૯ નવેમ્બર ૨૦૨૬થી વિકસિત ભારત ગ્રામીણ રોજગાર ગેરંટી અને આજીવિકા મિશન (ગ્રામીણ) અંતર્ગત તમામ ૩૪ જિલ્લાના જિલ્લા અને તાલુકા કક્ષાના આશરે ૪૧૯ અધિકારીઓ માટે બેચ વાઈઝ ત્રણ-ત્રણ દિવસની કુલ ૧૦ તાલીમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમો દ્વારા VGPP ની તૈયારી અને અમલીકરણ અંગે વધુ ગહન તાલીમ આપવામાં આવશે. આ પહેલ ગુજરાતને દેશમાં અગ્રેસર સ્થાન અપાવે છે અને ગ્રામીણ વિકાસમાં ગુણવત્તાયુક્ત આયોજન તથા અસરકારક અમલીકરણની દિશામાં મજબૂત પાયો પૂરો પાડે છે.











ડે.ડી NEWS

તારીખ : 18/11/2026

ભાવનગર મંડળના મુસાફરોની સુવિધા માટે ટ્રેન નંબર 12949/12950માં અસ્થાયી ધોરણે એક વધારાનો સ્લીપર કોચ જોડવામાં આવશે



પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા અને વધારાના મુસાફર ભારને ધ્યાનમાં રાખીને ટ્રેન નંબર 12949/12950 (પોરબંદર–સંતરાગાછી–પોરબંદર)માં અસ્થાયી ધોરણે એક વધારાનો સ્લીપર કોચ જોડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.મંડળ રેલ પ્રબંધક, ભાવનગર, શ્રી દિનેશ વર્માના માર્ગદર્શન હેઠળ મુસાફરોને વધુ સારી અને સુવિધાજનક રેલ મુસાફરી ઉપલબ્ધ કરાવવાના પ્રયાસોના ભાગરૂપે આ વ્યવસ્થા કરવામાં આવી છે.વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક, ભાવનગર, શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે પશ્ચિમ રેલવે મુખ્યાલય દ્વારા જારી કરવામાં આવેલા પરિપત્ર અનુસાર, ટ્રેન નંબર 12949/12950માં પોરબંદરથી ઉપડતી ટ્રેનમાં 20 નવેમ્બરથી 25 ડિસેમ્બર 2026 સુધી તથા સંતરાગાછીથી ઉપડતી ટ્રેનમાં 22 નવેમ્બરથી 27 ડિસેમ્બર 2026 સુધી એક વધારાનો સ્લીપર કોચ જોડવામાં આવશે.આ વધારાનો કોચ જોડાવાથી ટ્રેનના કુલ કોચની સંખ્યા 21 LHB કોચથી વધીને 22 LHB કોચ થઈ જશે. આથી મુસાફરોને વધારાની બર્થ ઉપલબ્ધ થશે અને તેમની મુસાફરી વધુ સુવિધાજનક બનશે.પશ્ચિમ રેલવે મુસાફરોને વધુ સારી મુસાફર સુવિધાઓ પૂરી પાડવા તથા તેમની મુસાફરીને વધુ આરામદાયક બનાવવા માટે સતત પ્રયત્નશીલ છે.

અતુલ કુમાર ત્રિપાઠી

વરિષ્ઠ મંડલ વાણિજ્ય પ્રબંધકપશ્ચિમ રેલવે, ભાવનગર મંડલ

તારીખ : 18/11/2026

બાબરાના જૂના તાપડીયા આશ્રમમાં નવનિર્મિત હોલનું લોકાર્પણ કરાયું

ઘનશ્યામદાસ બાપુના હસ્તે હોલ ખુલ્લો મુકાયો, તાપડેશ્વર મહાદેવને અમૃત થાળ અર્પણ કરાયો



અમરેલી જિલ્લાના બાબરામાં તાપડીયા બાપુ અને દયારામ બાપુની પવિત્ર તપોભૂમિ સમાન જૂના તાપડીયા આશ્રમ ખાતે સ્થાનિક દાતાઓના સહયોગથી નવનિર્મિત હોલ તૈયાર કરવામાં આવ્યો છે. જૂના તાપડીયા આશ્રમ સેવક મંડળ દ્વારા આયોજિત ધાર્મિક કાર્યક્રમમાં ઘનશ્યામદાસ બાપુના પાવન હસ્તે નવનિર્મિત હોલનું વિધિવત્ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.આ પાવન પ્રસંગે આશ્રમમાં બિરાજમાન તાપડેશ્વર મહાદેવને ભાવપૂર્વક અમૃત થાળ અર્પણ કરી પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું. આશ્રમ સેવક મંડળ દ્વારા ઘનશ્યામદાસ બાપુનું ઉષ્માભર્યું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું તેમજ તેમના આશીર્વાદ પ્રાપ્ત કરવામાં આવ્યા હતા.ધાર્મિક વિધિ, મહાદેવની ભક્તિ અને સંતોના આશીર્વાદથી સમગ્ર આશ્રમ પરિસરમાં ભક્તિમય માહોલ છવાયો હતો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહી ધર્મલાભ લીધો હતો. સ્થાનિક દાતાઓના સહયોગથી નિર્મિત આ હોલ આશ્રમની ધાર્મિક અને સેવાકીય પ્રવૃત્તિઓમાં ઉપયોગી બનશે.

ગ્રાન્ડેડ A4 પેપર ₹185
દોશી કાંતિલાલ દલીચંદ
દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 18/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



- એનિવર્સરી કેક
- બેબીશાવર કેક
- સગાઈ કેક
- ફોન્ડન્ટ કેક
- મેક અપ કીટ કેક
- ફોટો કેક



અઢળક કેકની વેરાયટીઓ

New Collection

મેરેજ બોક્સ, ડ્રાયફ્રૂટ બોક્સ અને
રમકડાંની અવનવી વેરાયટી



અર્જન્ટ કેક
બનાવી આપવામાં આવશે.

બર્થ ડેકોરેશન,
બેબી શાવર ડેકોરેશન ની
તમામ આઈટમ મળશે..



તમને મળશે બધાથી અલગ અને તે પણ આપના બજેટમાં.

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં કેક તેમજ ડેકોરેશન સાયેનું એકમાત્ર વિશ્વાસપાત્ર સ્થળ

નારોલા

લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા | મો. 88667 59838

કે.કે NEWS

તારીખ : 18/11/2026

ગિરનાર પરિક્રમા મેળા દરમિયાન મુસાફરોની સુવિધા માટે 8 જોડી ટ્રેનોમાં વધારાના જનરલ સેકન્ડ ક્લાસ (GS) કોચ જોડવામાં આવશે 18થી 26 નવેમ્બર સુધી અસ્થાયી ધોરણે ઉપલબ્ધ રહેશે વધારાના કોચની સુવિધા

પશ્ચિમ રેલવે દ્વારા જૂનાગઢમાં આયોજિત થનારા પ્રસિદ્ધ 'ગિરનાર પરિક્રમા મેળા' (20થી 24 નવેમ્બર, 2026) દરમિયાન મુસાફરોની વધારાની ભીડને ધ્યાનમાં રાખીને તેમની સુવિધા માટે 8 જોડી ટ્રેનોમાં અસ્થાયી ધોરણે વધારાના જનરલ સેકન્ડ ક્લાસ (GS) કોચ જોડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સુવિધા 18 નવેમ્બરથી 26 નવેમ્બર, 2026 સુધી ઉપલબ્ધ રહેશે.મંડળ રેલ પ્રબંધક, ભાવનગર, શ્રી દિનેશ વર્માના માર્ગદર્શન હેઠળ મુસાફરોને વધુ સારી અને સુવિધાજનક રેલ મુસાફરી ઉપલબ્ધ કરાવવાના પ્રયાસોના ભાગરૂપે આ વ્યવસ્થા કરવામાં આવી છે.ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર, આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:

1. વધારાના 02 જનરલ સેકન્ડ ક્લાસ (GS) કોચ ધરાવતી ટ્રેનો:• ટ્રેન નંબર 59558/59559: ભાવનગર ટર્મિનસ–વેરાવળ–ભાવનગર ટર્મિનસ• ટ્રેન નંબર 19120/19119: વેરાવળ–ગાંધીનગર કેપિટલ–વેરાવળ• ટ્રેન નંબર 59424/59423: વેરાવળ–રાજકોટ–વેરાવળ• ટ્રેન નંબર 59422/59421: વેરાવળ–રાજકોટ–વેરાવળ• ટ્રેન નંબર 59557/59560: ભાવનગર ટર્મિનસ–પોરબંદર–ભાવનગર ટર્મિનસ

2. વધારાના 03 મીટર ગેજ (MG) જનરલ સેકન્ડ ક્લાસ (G S) કોચ ધરાવતી ટ્રેનો:•ટ્રેન નંબર 09595/09596: જૂનાગઢ–ચલાળા–જૂનાગઢ (M G ટ્રેન)• ટ્રેન નંબર 52946/52933: જૂનાગઢ–વેરાવળ–જૂનાગઢ (M G ટ્રેન)• ટ્રેન નંબર 52952/52951: જૂનાગઢ–દેલવાડા–જૂનાગઢ (M G ટ્રેન)પશ્ચિમ રેલવે મુસાફરોને આ વધારાની સુવિધાનો લાભ લેવા અપીલ કરે છે. ટ્રેનોના સ્ટોપેજ, કોચની રચના તથા સમયપત્રક સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો ભારતીય રેલવેની સત્તાવાર વેબસાઈટ www.enquiry.indianrail.gov.in પર મુલાકાત લઈ શકે છે.

અતુલ કુમાર ત્રિપાઠી

વરિષ્ઠ મંડલ વાણિજ્ય પ્રબંધકપશ્ચિમ રેલવે, ભાવનગર મંડલ

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 18/11/2026

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Happy Birthday



આદિત્ય મહાવીરભાઈ ખુમાણ.

ગામ :હાથસણી. તા. સાવરકુંડલા

K.D NEWS

ના પ્લેટફોર્મ પર


જ્યાં રિલ્સ નહીં બ્રાન્ડ બને છે...


અને આપે છે

વ્યુઝની ગેરંટી અને સફળતાનો ભરોસો




















આજે જ સંપર્ક કરો

વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે

9724661561

તારીખ : 18/11/2026

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

ગુરૂદેવ કહે છે...

“

દિવસ અને રાત્રિ વચ્ચેસૂર્યાસ્તએ જો માર્ગ છેતોજીવન અને મુક્તિ વચ્ચે મૃત્યુ એ માર્ગ છે. સૂર્યાસ્ત વિના જો રાત્રિ નથી તો મૃત્યુ વિના મુક્તિ નથી.. સૂર્યાસ્ત જો સ્વીકાર્ય છે તો મોત અસ્વીકાર્ય શું કામ ?

”



આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 18/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
Year2026


Gurutattva

3580
18/11/2026
Wednesday

❀ आत्मा ❀

सर्व सामान्य लोगों का
चित्त नकारात्मक की ही
होना है, इसलीये "प्रदर्शन"
करने से बचे ।

बाबास्वामी
18/11/2026



તારીખ : 18/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



ગલગલીયા

પત્નીઃ આજે રસોઈ કેવી બની છે?
પતિઃ એકદમ સરસ!
પત્નીઃ સાચું કહો છો?
પતિઃ હા, બહારથી જ ખાઈને આવ્યો છું!

શિક્ષકઃ તું દરરોજ મોડો કેમ આવે છે?
વિદ્યાર્થીઃ સાહેબ, સપનામાં સ્કૂલ આવી જાઉં છું!
શિક્ષકઃ તો મોડું કેમ થાય?
વિદ્યાર્થીઃ સાહેબ, સપનામાં પણ રજા પડવાની રાહ જોઉં છું!

મિત્રઃ તું મોબાઈલને આટલો બધો પ્રેમ કેમ કરે છે?
બીજો મિત્રઃ કારણ કે એ ક્યારેય મારી વાતનો જવાબ આપવાનું ભૂલતો નથી!
મિત્રઃ કેવી રીતે?
બીજો મિત્રઃ બેટરી ઓછી થાય એટલે તરત જ યાદ અપાવે છે!

તારીખ : 18/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

18 નવેમ્બર

મહત્વની ઘટનાઓ

૧૯૧૮ –

લાટવિયાએ રશિયાથી સ્વતંત્રતાની ઘોષણા કરી.

૧૯૭૧ –

ઓમાન યુનાઇટેડ કિંગડમથી સ્વતંત્રત થયું.

જન્મ

૧૯૦૧ –

વી. શાંતારામ, ભારતીય અભિનેતા, દિગ્દર્શક, નિર્માતા અને પટકથા લેખક (અ. ૧૯૮૪)

૧૯૧૦ –

બટુકેશ્વર દત્ત, ભારતીય ક્રાંતિકારી (અ. ૧૯૬૫)

૧૯૭૯ –

નીતિ મોહન, ભારતીય પાર્શ્વગાયિકા

અવસાન

૧૯૩૬ –

વી. ઓ. ચિદમ્બરમ પિલ્લઈ, ભારતીય સ્વાતંત્ર્યસેનાની (જ. ૧૮૭૨)

૧૯૬૨ –

નીલ્સ બૉહર, ડેનીશ ભૌતિકશાસ્ત્રી (જ. ૧૮૮૫)

૧૯૮૮ –

અનંતરાય મણિશંકર રાવળ, ગુજરાતી સાહિત્યકાર (જ. ૧૯૧૨)

તારીખ : 18/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

વ્યાપારી માટે




હોલસેલ ભાવે

નાની-મોટી

ચીઠ્ઠી બુક

વિદ્યાર્થીઓ માટે



૨૬ ચોપડા

તેમજ

લખવા માટેની કોરી પસ્તી

SINCE 1923 KD NEWS PAPER

દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 18/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



ફ્રેશ પસ્તી



સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

તારીખ : 18/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

સાળંગપુરના આજના દર્શન



કે.ડી

આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

કે.ડી ન્યૂઝ સાથે...



94K

60K

44K

100K

સંપર્ક : મો. 94997 97973